
VASISHTHA GROUP OF SCHOOL



પ્રતિબદ્ધતા




પ્રામાણિકતા

# જીવનપંથ

અંક : ૧૦ । માર્ચ – ૨૦૨૫

## कोशिश कर, हल निकलेगा,

कोशिश कर, हल निकलेगा,
आज नही तो कल निकलेगा ।
अर्जुन सा लक्ष्य रख, निशान लगा,
मरूस्थल से भी फिर, जल निकलेगा ।
मेहनत कर, पौंधों को पानी दे,
बंगर में भी फिर, फल निकलेगा ।
ताकत जुटा, हिम्मत को आग दे,
फौलाद का भी, बल निकलेगा ।
सीने में उम्मीदों को, जिंदा रख,
समन्दर से भी, गंगाजल निकलेगा ।
कोशिशें जारी रख, कुछ कर गुजरने की,
जो कुछ थमा-थमा है, चल निकलेगा ।
कोशिश कर, हल निकलेगा,
आज नहीं तो, कल निकलेगा ।

## પ્રતિબદ્ધતા

પ્રતિબદ્ધતા એટલે કોઈ કાર્ય કે જવાબદારી માટે સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે પ્રતિજ્ઞાબદ્ધ થવું. પ્રતિબદ્ધતા એ એવો સંકલ્પ છે, જેમાં એક વ્યક્તિ કોઈ લક્ષ્ય, સંબંધ, જવાબદારી અથવા કાર્ય માટે સંપૂર્ણ રીતે અડગ રહે છે અને તેને પૂર્ણ કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરે છે.

ઉદાહરણ તરીકે:

વિદ્યાર્થીની પ્રતિબદ્ધતા :– નિશ્ચિત લક્ષ્ય હાંસલ કરવા માટે નિયમિત અભ્યાસ કરવો.

શિક્ષકની પ્રતિબદ્ધતા :– વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ આપવા માટે સતત પ્રયત્નશીલ રહેવું.

વ્યક્તિગત જીવનમાં પ્રતિબદ્ધતા :– પરિવાર અને સંબંધોને સાચવવા માટેનો નિષ્ઠાભર્યો પ્રયાસ.

આમ, પ્રતિબદ્ધતા એ માત્ર વચન નહીં, પણ તેને નિભાવવાનો નિશ્ચય છે.

## બાળકો માટે પ્રતિબદ્ધતા (Commitment) રાખવાનું મહત્ત્વ અને તેના ફાયદા

જયારે બાળકો જીવનમાં પ્રતિબદ્ધતા રાખે છે ત્યારે તેઓ માત્ર અભ્યાસમાં જ નહીં, પણ દરેક ક્ષેત્રમાં સફળ બની શકે છે. પ્રતિબદ્ધતા બાળકને શિસ્ત, જવાબદારી અને મહેનત શીખવે છે, જે તેમની આખી જિંદગી માટે ઉપયોગી સાબિત થાય છે.

### ૧. લક્ષ્ય સુધી પહોંચવા સહાય કરે.

બાળકો પોતાના લક્ષ્ય પ્રત્યે પ્રતિબદ્ધ હોય, તો તેઓ પોતાના સપનાઓ પૂરા કરવા માટે સતત મહેનત કરે.

ઉદાહરણઃ જો વિદ્યાર્થી ડૉક્ટર બનવા માટે પ્રતિબદ્ધ રહે, તો તે નિયમિત અભ્યાસ કરશે અને અવરોધો સામે હાર નહીં માને.

### ૨. સમયનું યોગ્ય સંચાલન શીખે.

પ્રતિબદ્ધ બાળકો સમય બગાડતા નથી, તેઓ રમત–ગમત અને અભ્યાસ માટે સમયનું યોગ્ય સમતોલન જાળવી શકે છે.

ઉદાહરણઃ જો વિદ્યાર્થીને પરીક્ષા માટે ૩૦ દિવસ મળે, તો તે દરરોજ થોડો સમય અભ્યાસ કરીને છેલ્લા દિવસોમાં થતાં તણાવથી બચી શકે છે.

### ૩. આત્મવિશ્વાસ અને શિસ્ત વધે.

જયારે બાળક કોઈ કાર્ય માટે પ્રતિબદ્ધ રહે ત્યારે તે કદમ–દર–કદમ સુધારો અનુભવતો જાય છે. તેનાથી આત્મવિશ્વાસ અને શિસ્ત બંને વિકસે છે.

ઉદાહરણઃ નિયમિત કસરત કરતો વિદ્યાર્થી સારા આરોગ્ય માટે પ્રતિબદ્ધ રહે છે અને સુસ્તીથી બચી શકે.

### ૪. મુશ્કેલીઓ સામે લડવાની શક્તિ આવે.

પ્રતિબદ્ધ બાળક હંમેશા મુશ્કેલીઓથી ભાગી નથી જતો પણ તેનો સામનો કરવાનું શીખે છે.

ઉદાહરણઃ જો વિજ્ઞાન પ્રોજેક્ટ કે કોઈ સ્પર્ધામાં સફળ ન થાય તો પણ તે ફરી પ્રયત્ન કરવાનું ચાલુ રાખે છે.

### ૫. જીવનમાં જવાબદારીની ભાવના વિકસે.

પ્રતિબદ્ધતા બાળકને તેનાં કર્તવ્યો અને જવાબદારીઓ માટે ગંભીર બનાવે છે.

ઉદાહરણઃ જો કોઈ બાળક દૈનિક હોમવર્ક પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતા રાખે તો તે આગળ જઈને જવાબદાર વ્યક્તિ બનશે.

### ૬. પ્રેરણાદાયક વ્યક્તિઓ બની શકે.

યુવા વયમાં પ્રતિબદ્ધતા રાખનાર વિદ્યાર્થીઓ સારા નેતા અને ઉદાહરણ રૂપ વ્યક્તિઓ બની શકે છે.

ઉદાહરણઃ અબ્દુલ કલામ સાહેબ બાળપણથી જ શીખવા માટે પ્રતિબદ્ધ રહ્યા, જેનાથી તેઓ ભારતના રાષ્ટ્રપતિ બન્યા.

અંતિમ નિષ્કર્ષ:

જો બાળકો તેમના અભ્યાસ, રમતગમત, કુશળતા અને વ્યક્તિત્વ વિકાસમાં પ્રતિબદ્ધતા રાખે તો તેઓ સફળ, આત્મવિશ્વાસુ અને જવાબદાર વ્યક્તિ બની શકે!

## દશરથ માંઝી - પ્રતિબદ્ધતાનું અનોખું ઉદાહરણ

બિહારનું એક નાનું એવું ગામ ગહલોર પર્વતીય વિસ્તારમાં આવેલું છે. આ ગામમાં એક મજૂર રહે એનું નામ દશરથ. દશરથ અને તેના પત્ની ફાલ્ગુનીદેવી મજૂરી કરીને જીવનનિર્વાહ કરતા હતાં. એક દિવસ ફાલ્ગુનીદેવીને એક અકસ્માત નડયો અને તે ગંભીર રીતે ઘવાઈ. પત્નીને સારવાર આપવા માટે દશરથ ઘાયલ પત્નીને લઈને નજીકના શહેર વઝીરગંજ તરફ જવા રવાના થયો.

આમ તો ગહલોર અને વઝીરગંજ વચ્ચે બહુ લાંબું અંતર નહોતું પણ પહાડી વિસ્તારને કારણે આ બંને ગામ વચ્ચે આવેલા એક મોટા પર્વતને પસાર કરવા માટે ફરી ફરીને જવું પડતુ અને એ અંતર ૭૦ કિ.મી. જેટલું થતું. દશરથ પોતાની ઘવાયેલી પત્નીને લઈને આ ૭૦ કિ.મી.નું અંતર કાપે તે પહેલા જ પત્નીએ આ જગતને અલવિદા કહી દીધી. દશરથ માથે તો જાણે કે આભ તૂટી પડયું કારણ કે જીવનનો એકમાત્ર સહારો અને સાથી જતો રહ્યો.

દુઃખી થઈને બેસી રહેવાના બદલે દશરથે એક મહત્વનો નિર્ણય કર્યો. પોતાના ગામ અને શહેર વચ્ચેના આ મોટા પર્વતને કાપીને તેમાં એક સુરંગ બનાવવામાં આવે તો ગામના લોકોને શહેર પહોંચવામાં ખૂબ જ સરળતા રહે અને ખાસ કરીને બિમારીના કિસ્સામાં સમયસર સારવાર મળી રહે અને પોતે જેમ પત્ની ગુમાવી એમ બીજા કોઈએ પોતાના કોઈ અંગત સ્નેહીને ગુમાવવાની નોબત ન આવે. એમણે પોતાનો આ વિચાર ગામ લોકોને કહ્યો. ગામલોકો તો એની વાત પર હસવા લાગ્યા. બધા કહેતા, "બૈરું મરી ગયું એમાં આ દશરથ ગાંડો થઈ ગયો છે."

દશરથે મનોમન નક્કી કર્યુ કે ગામ લોકો સાથ ન આપે તો મારે એકલા એકલા પણ આ પર્વતમાંથી રસ્તો બનાવવો છે. બીજા જ દિવસે એ તો હથોડી અને છીણી લઈને પહોંચી ગયો પર્વત પાસે. લોકોએ સ્વીકારી લીધું કે દશરથનું ચસ્કી ગયું છે. આ નાની છીણીથી આવડા મોટા પર્વતને એ કયારે કાપી શકે? લોકો ઘણું ઘણું બોલતા પણ હારી જાય તો એ દશરથ શાનો? એણે ગામમાં રહેવાનું છોડી દીધુ અને પર્વતની તળેટીમાં જ રહેવા માટે આવી ગયો જેથી ગામથી પર્વત સુધી આવવાનો અને ફરીથી ગામ સુધી જવાનો સમય બચાવીને એ સમયનો ઉપયોગ પર્વતને ખોદવામાં કરી શકાય.

૧૯૬૦માં દશરથ માંઝીએ શરૂ કરેલી પર્વત ખોદવાની યાત્રા ૧૯૮૨માં પૂરી થઈ. ૨૨ વર્ષની સખત મહેનત બાદ એમણે એ દુર્ગમ પર્વતને કાપીને બંને ગામ વચ્ચેનું અંતર માત્ર ૧૦ મિનિટમાં કાપી શકાય એવો ૩૬૦ફૂટ લાંબો, ૨૫ ફૂટ ઊંડો અને ૩૦ ફૂટ પહોળો રસ્તો તૈયાર કર્યો. એકલપંથે પત્નીની યાદમાં ગ્રામજનોને એક અદ્‌ભૂત ભેટ આપી. સરકારને જયારે આ વાતની જાણ થઈ અને સરકારે દશરથને જમીન ભેટ તરીકે આપી તો એ જમીન પોતાના માટે લેવાના બદલે તે જમીન પર એક દવાખાનું બનાવવા માટે એણે સરકારને વિનંતી કરી જેથી લોકો સમયસર સારવાર લઈ શકે.

જો તમારી અંદર સાચી પ્રતિબદ્ધતા અને ધ્યેયસંધાન હોય, તો એકલો માણસ પણ પર્વત હટાવી શકે! દશરથ માંઝી સાબિત કરી ગયા કે, મહેનત, દ્રઢ નિશ્ચય અને અડગ પ્રતિબદ્ધતા દ્વારા કંઈપણ શકય છે. તેમણે પર્વત તોડી દીધો, તો આપણે મુશ્કેલીઓ તોડીને ચોક્કસ જીત મેળવવી જ જોઈએ...

પુસ્તકઃ હોંશના હલેસા(શૈલેષ સગપરિયા)

## પ્રતિબદ્ધતા દર્શાવતા ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના પ્રસંગો

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ભારતના સર્વશ્રેષ્ઠ વૈજ્ઞાનિક અને રાષ્ટ્રપતિમાંના એક હતા. તેમનું જીવન પ્રતિબદ્ધતા, મહેનત અને લક્ષ્યપ્રાપ્તિ માટે પ્રેરણાદાયક છે. તેમના કેટલાક પ્રસંગો તેમના નિષ્ઠા અને સમર્પણને સ્પષ્ટ કરે છે.

### ૧. બાળપણની પ્રતિબદ્ધતાઃ નાનપણથી જ મહેનત અને શીખવાની ભાવના

અબ્દુલ કલામનો જન્મ ગરીબ પરિવારમાં થયો હતો. તેમનો પરિવાર માછલી વેચીને ગુજરાન ચલાવતો.

બાળક કલામ પોતાના અભ્યાસ માટે અખબાર વહેંચવાનું કામ કરતા અને પછી રાત્રે દીવાના પ્રકાશમાં અભ્યાસ કરતા.

આ પ્રસંગ દર્શાવે છે કે તેઓ શીખવા માટે કેટલા પ્રતિબદ્ધ હતા અને કયારેક આર્થિક મુશ્કેલીઓને પોતાની પ્રગતિનો અવરોધ બનવા દીધો નહીં.

### ૨. ભારતીય અવકાશ કાર્યક્રમ પ્રત્યેની પ્રતિબદ્ધતાઃ 'SLV – ૩ રોકેટ લોન્ચ'

૧૯૭૯માં, SLV–૩ (Satellite Launch Vehicle) નું પ્રક્ષેપણ નિષ્ફળ થયું, અને તે સમુદ્રમાં પડયું.

આ નિષ્ફળતા પછી પણ કલામ સાહેબે હિંમત ન હારી અને પોતાની ટીમ સાથે ૧૯૮૦માં SLV–૩ સફળતાપૂર્વક લોન્ચ કર્યું.

આ પ્રસંગ સાબિત કરે છે કે સખત મહેનત, ધીરજ અને પ્રતિબદ્ધતા દ્વારા કોઈપણ અવરોધો સામે જીત મેળવી શકાય.

### ૩. દ્રઢ પ્રતિબદ્ધતાઃ 'પોખરણ પરમાણુ પરીક્ષણ'(૧૯૯૮)

પોખરણ–II પરમાણુ પરીક્ષણ ડૉ. કલામના નેતૃત્વમાં ૧૧ અને ૧૩ મે ૧૯૯૮ના રોજ થયું.

તેમણે રાત–દિવસ મહેનત કરીને આ મિશનને ટોચના ગુપ્ત સ્તરે સફળ બનાવ્યું.

આ પરીક્ષણ બાદ ભારત પરમાણુ શક્તિ ધરાવતો દેશ બન્યો.

આ ઘટનાએ સાબિત કર્યુ કે કલામ સાહેબની પ્રતિબદ્ધતા દેશ માટે અનન્ય અને અડગ હતી.

### ૪. એક શિક્ષક તરીકેની પ્રતિબદ્ધતાઃ છેલ્લી ક્ષણ સુધી શિક્ષણ સેવા

૨૭ જુલાઈ ૨૦૧૫ના રોજ, જયારે ડૉ.કલામ IIM Shillongમાં વ્યાખ્યાન આપી રહ્યા હતા, તે દરિમયાન તેમને હૃદયરોગનો હુમલો આવ્યો.

તેમને પોતાનો અંતિમ શ્વાસ પણ વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા–આપતા લીધો.

આ પ્રસંગ બતાવે છે કે તેઓ જીવનના અંતિમ ક્ષણ સુધી શિક્ષક અને માર્ગદર્શક તરીકે પ્રતિબદ્ધ રહ્યા.

તારણ :

ડૉ. અબ્દુલ કલામના જીવનપ્રસંગો સાબિત કરે છે કે પ્રતિબદ્ધતા, મહેનત અને ધ્યેયપ્રાપ્તિ જીવનમાં કોઈપણ ઊંચાઈઓ સુધી પહોંચવામાં મદદ કરે છે. તેઓ માત્ર વૈજ્ઞાનિક કે રાષ્ટ્રપતિ નહીં, પણ યુવા પેઢી માટે કાયમી પ્રેરણાસ્ત્રોત બની રહ્યા.

## મારે પાઈલટ બનવું છે.

પાંચમાં ધોરણના એક વર્ગમાં શિક્ષક પોતાના વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી રહ્યા હતા. ચર્ચાનો વિષય હતો " મારું ભાવી સ્વપ્ન". શિક્ષકે એક વિદ્યાર્થિનીને પ્રશ્ન પૂછયો, "બેટા, તું તારા જીવનમાં શું બનવા માંગે?" પેલી છોકરીએ ફટાક કરતો જવાબ આપ્યો,"સર, મારે પાઈલટ બનવું છે." છોકરીની આ વાત સાંભળીને

વર્ગના બધા જ વિદ્યાર્થીઓ હસવા લાગ્યા. વિદ્યાર્થીઓ હસે એ પણ સ્વાભાવિક હતું કારણ કે પાઈલટ બનવાના સપના જોતી આ છોકરીને જન્મથી જ બે હાથ નહોતા. લોકો એને "arm less girl"(હાથ વગરની છોકરી) કહેતા હતા. જેને બે હાથ જ ન હોય એ છોકરી વિમાન કેવી રીતે ઉડાડી શકે?

શિક્ષક એ દીકરી પાસે ગયા. પ્રેમથી એના માથા પર હાથ ફેરવ્યો અને કહ્યું, "બેટા, તું ચોક્કસ પાઈલટ બની શકીશ કારણ કે તારું ધ્યેય નક્કી છે. તારી પાસે હાથ નથી તો શું થયું? પગથી પણ વિમાન ઉડાડી શકાય. તું તારા પગને જ તારા હાથ બનાવી દે. સામાન્ય માણસ જે કામ હાથથી કરતો હોય તે બધા જ કામ તું પગથી કરતા શીખી જા. તારે પાઈલટ બનવું જ હશે તો તને દુનિયાની કોઈ તાકાત પાઈલટ બનતા નહીં અટકાવી શકે." શિક્ષકની આ પ્રેરણાને કારણે અને એ છોકરીના સખત પુરુષાર્થને કારણે અમેરિકન સરકારે એને પગથી વિમાન ઉડાડવા માટેનું લાઈસન્સ આપ્યું છે અને સમગ્ર વિશ્વની એ એકમાત્ર મહિલા છે જે પગથી વિમાન ઉડાડે છે.

જગત આ છોકરીને આજે જેસિકા કોક્સના નામથી ઓળખે છે.

જીવનમાં ધ્યેય નક્કી હોય અને એ ધ્યેયને પ્રાપ્ત કરવા માટેની તીવ્ર ઝંખના હોય તો જેસિકા માત્ર અમેરિકામાં નહીં દુનિયાના દરેક ઘરમાં છે. અરે આપણે પોતે જ જેસિકા છીએ.

## ખરી ખુમારી ક્યારે પ્રગટે?

એક પિતા પોતાના પુત્રને સાથે લઈને ખરીદી કરવા માટે નીકળ્યા. એક ફૂટવેરની દુકાનમાં ગયા અને દુકાનદારને દીકરા માટે સારા બૂટ બતાવવાનું કહ્યું. દીકરાએ પોતાના પિતાને કહ્યું, "પપ્પા, મારે નવા બૂટ નથી લેવા. હજુ જૂના બૂટ ચાલે એવા જ છે અને મારા પગની સાઈઝમાં એવો વધારો નથી થયો કે મને જૂના બૂટ પહેરવામાં ડંખે. એક કામ કરો આ બૂટની જે કિંમત છે તે કિંમતમાં દાદાજી માટે એક સારા ચશ્માં લઈ લઈએ એના જૂના ચશ્માંના કાચ ખૂબ ખરાબ થઈ ગયા છે."

પિતા દીકરાના આ વિચાર પર ખૂબ રાજી થયા અને ફૂટવેરની દુકાનમાંથી નીકળીને કપડાંની દુકાનમાં ગયા. પિતાએ ત્યાં દુકાનદારને દીકરાના માપના પેન્ટ–શર્ટ બતાવવાના કહ્યા. દુકાનદારે પેન્ટ શર્ટ બતાવ્યા. છોકરાને બરાબર માપના જ થયા આમ પણ શર્ટ તો પેન્ટમાં ખોંસવાનો જ હોય છે. જો થોડો લાંબો શર્ટ હોય તો પછી આવતા વર્ષે પણ ઉપયોગમાં લઈ શકાય.

પિતા આ બધી વાતો સાંભળીને આશ્ચર્યમાં પડી ગયા અને દીકરાને પૂછ્યા વગર ન રહી શક્યા, "બેટા, તને આવા વિચારો કોણે આપ્યા. આ કરકસરના પાઠ તને કોણે શીખવ્યા?"

છોકરાએ પોતાના પિતા સામે જોઈને કહ્યું, " પપ્પા, આપ પૂરી પ્રામાણિકતાથી નોકરી કરો છો અને મર્યાદિત પગારમાં ઘર ચલાવો છો. આપની પ્રામાણિકતાની ઘણા બધા લોકો વાતો કરતા હોય છે. હું શેરીમાં રમવા માટે જાવ ત્યારે ઘણા લોકો આપના વખાણ કરે છે અને મને પણ આદર આપે છે. કેવળ એટલા માટે કારણ કે હું એક પ્રામાણિક બાપનો દીકરો છું. હું મારી જાતને ધન્ય સમજું છું, આપના જેવા પિતા મેળવીને. આપણી શેરીમાં જ રહેતા અને આપની સાથે જ નોકરી કરતા એક ભાઈએ અનીતિના માર્ગે ખૂબ રૂપિયા ભેગા કર્યા છે. પપ્પા બધા એની હાજરીમાં તો વાહવાહ કરે છે અને સ્ટેજ પર પણ બેસાડે છે પણ પાછળથી એને 'ચોર', 'ભ્રષ્ટાચારી' વગેરે જેવા શબ્દોથી નવાજે છે."

થોડું અટકીને દીકરાએ પોતાની વાત પૂરી કરી " પપ્પા, મને એક જોડી કપડાં ઓછાં હશે કે એક જોડી બૂટ ઓછા હશે તો ચાલશે પણ મારા બાપને કોઈ ચોર કે ભ્રષ્ટાચારી કહે એ નહીં ચાલે. પપ્પા આપની પ્રામાણિકતા એ મારા માટે બધું જ છે. બસ મને બીજું કંઈ જ ન જોઈએ."

અનીતિના માર્ગે કમાયેલા રૂપિયા સુવિધા જરૂર આપશે પણ સુખ નહીં આપે એ વાત ચોક્કસ છે. દુનિયા પૈસાદાર લોકોના સન્માન ભલે કરે પણ પાછળથી એ જ વ્યક્તિને પેટ ભરીને ગાળો પણ દે છે. નીતિમય જીવનથી બીજા મને આદર આપે કે ના આપે પણ મારો અંતરાત્મા તો મને નોબેલ પારિતોષિક આપશે જ એમાં શંકાને કોઈ સ્થાન નથી.

પુસ્તકઃ સંકલ્પનું સુકાન (શૈલેષ સગપરિયા)

## પ્રામાણિકતા

બાળકોને પ્રામાણિકતાનું મહત્ત્વ સમજાવવા માટે કથા અને હકીકતો શ્રેષ્ઠ માર્ગ છે. અહીં કેટલાક પ્રસંગો છે, જે બાળકના મનમાં પ્રભાવ ઊભો કરી શકે:

### ૧. મહાત્મા ગાંધી અને સત્ય

એકવાર નાનકડા મોહનદાસ ગાંધી(મહાત્મા ગાંધી) શાળામાં પરીક્ષા આપી રહ્યા હતા. શિક્ષકે બાળકોને એક શબ્દ લખવા કહ્યો અને ગાંધીજીને શબ્દ લખવામાં ભૂલ થઈ. શિક્ષકે તેમને એક મિત્ર પાસેથી જોઈને લખવા કહ્યું પણ ગાંધીજીએ નકલ ન કરી. તેઓ સત્ય અને પ્રામાણિકતાની મૂલ્યવાન શિક્ષા સાથે આગળ વધ્યા.

શીખઃ ખોટું કામ ટાળવું અને હંમેશા સાચું કરવું.

### ૨.જયોર્જ વોશિંગ્ટન અને ચેરી વૃક્ષ

નાનકડા જયોર્જ વોશિંગ્ટન(અમેરિકાના પ્રથમ પ્રમુખ) પાસે એક કરવત હતી. તેમણે ભૂલથી ઘરમાં રહેલું ચેરી વૃક્ષ કાપી નાખ્યું. પિતાએ જયારે પૂછ્યું, તો જયોર્જે સત્ય સ્વીકાર્યું. પિતાએ કહ્યું, "મારા માટે વૃક્ષ કરતાં તારી પ્રામાણિકતા વધુ મહત્વની છે!"

શીખઃ ભૂલ સ્વીકારી શકાય, પણ ખોટું બોલવું નહીં.

### ૩. લાલ બહાદુર શાસ્ત્રી અને રેલવે ટિકિટ

લાલ બહાદુર શાસ્ત્રી નાના હતાં ત્યારે રેલ્વે સ્ટેશન પર ટિકિટ વિના ટ્રેનમાં ચઢી ગયા. ઘરે પહોંચ્યા પછી તેમણે પિતાને કહ્યું કે તેમણે ખોટું કર્યું છે અને જે સજા મળે તેના માટે તૈયાર રહ્યા. તેમની પ્રામાણિકતા જ ભવિષ્યના તેમના મોટા પ્રેરક વ્યક્તિત્વનું કારણ બની.

શીખઃ ખોટું કરવું નહીં પણ ભૂલ થાય તો સ્વીકારવી.

### ૪. દુકાનદાર અને વધારાના પૈસા

એક બાળક દુકાનમાંથી ચોકલેટ ખરીદવા ગયો. દુકાનદાર ભૂલથી તેને વધુ પૈસા આપી બેઠો. બાળકે ઘરે જતાં પહેલાં આ જોયું અને વધારાના પૈસા દુકાનદારને પાછા આપ્યા. દુકાનદારે કહ્યું "તારું માન વધ્યું છે! તું એક પ્રામાણિક બાળક છે."

શીખઃ જે આપણું ન હોય, તે કયારેય ના લેવું.

## ૫.સ્કૂલમાં હોમવર્ક અંગે સત્ય બોલવું

એક વિદ્યાર્થીએ હોમવર્ક નહોતું કર્યું. ટીચરે પૂછ્યું તો વર્ગના બધા બાળકોએ બહાના આપ્યાં, પણ એક બાળકે કહ્યું– 'ટીચર, હું હોમવર્ક કરવાનું ભૂલી ગયો છું પણ હવે જરૂર કરીશ!' ટીચરે તેની પ્રામાણિકતાને વખાણી અને અન્ય બાળકોને પણ પ્રેરણા મળી.

શીખ: ખોટું બહાનું આપવાને બદલે, સત્ય સ્વીકારવું વધુ સારું.

## ૬. વિમાન મુસાફરી સમયે ડૉ. અબ્દુલ કલામની પ્રામાણિકતા

એકવાર ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ વિમાનમાં જઈ રહ્યા હતા. તેમણે વધારાની ખાવાની વસ્તુઓ મંગાવી, પણ પૈસા ચૂકવવાનું ભૂલી ગયા. વિમાનમાંથી ઉતર્યા પછી તેમને યાદ આવ્યું કે પૈસા આપવાના તો રહી ગયા છે. તેઓ ખાસ વિમાન કંપનીના કાઉન્ટર સુધી ગયા અને પૈસા ચૂકવ્યા.

શીખ: જો આપણે ભૂલ કરીએ તો, તેને સુધારવી જોઈએ.

## ૭. મિત્રો વચ્ચે ખોટું ન બોલવું

બે મિત્રોએ એકબીજાને વચન આપ્યું કે એકબીજાની વસ્તુ નહીં લે. એક મિત્રે ભૂલથી બીજા મિત્રની પેન્સિલ લઈ લીધી. જ્યારે પકડાયો ત્યારે સત્ય બોલીને માફી માંગી. મિત્રએ માફ કરીને કહ્યું, "તારું સાહસિક વલણ મને ગમ્યું."

શીખ: ખોટું બોલી લડવું નહીં, પણ સત્ય બોલીને નમ્રતા રાખવી.

આવા પ્રસંગો બાળકના મન પર પ્રભાવ પાડે છે અને તેમને જીવનમાં પ્રામાણિકતાની મૂલ્યવાન રીત શીખવામાં મદદરૂપ થઈ શકે છે.

# પ્રામાણિકતા માટે દૈનિક જીવનનાં ઉદાહરણો

બાળકોને પ્રામાણિકતા સમજાવવા માટે તેમને સરળ અને વાસ્તવિક ઉદાહરણો આપવાથી તેઓ વધુ સારી રીતે શીખી શકે. અહીં કેટલીક પરિસ્થિતિઓના ઉદાહરણો છે જે દ્વારા પ્રામાણિકતાનું મહત્વ સમજાવી શકાય છે:

## ૧. ખોવાયેલી વસ્તુને પાછી આપવી

ઉદાહરણ:

"માની લે, તને સ્કૂલમાં રમતાં રમતાં કોઈ મિત્રની પેન્સિલ મળે છે. તું શું કરીશ?

સાચો જવાબ: "મિત્રને પાછી આપીશ, કારણ કે તે તેની છે."

શીખ: ખોવાયેલી વસ્તુ પાછી આપવી એ પ્રામાણિકતા છે.

## ૨. ખોટું ન બોલવું

ઉદાહરણ:

"માની લે કે તું છત્રી વગર બહાર ગયો અને ભીંજાઈ ગયો. જ્યારે મમ્મી પૂછે કે છત્રી લઈ ગયો હતો કે નહીં, ત્યારે શું કહેવું?

સાચો જવાબ: "મમ્મી, હું છત્રી ભૂલી ગયો હતો, મને માફ કરો."

શીખ: સત્ય બોલવાથી વિશ્વાસ ઊભો થાય છે.

## ૩. પરીક્ષામાં નકલ ન કરવી

ઉદાહરણ :

"પરીક્ષાના સમયે તારા મિત્ર પાસે તું જવાબ જોઈ શકે એવું છે, ત્યારે તું શું કરીશ?"

સાચો જવાબ : "હું નકલ નહીં કરું, ભલે મને ઓછા માર્ક્સ મળે."

શીખ: સાચા પ્રયાસથી મળેલા ગુણ જ સાચા હોય.

## ૪. વધારાના પૈસા પાછા આપવાં

ઉદાહરણ:

"માની લે, તું દુકાનદાર પાસે પૈસા આપવા ગયો અને તે તને ભૂલથી વધારાના ૧૦ રૂપિયા આપી દે છે. તું શું કરીશ?

સાચો જવાબ: "હું દુકાનદારને પાછા આપીશ, કારણ કે તે પૈસા મારાં નથી."

શીખ: જે આપણું ન હોય, તે રાખવું નહીં.

## ૫. ઘરમાં કાચનો ગ્લાસ તોડી નાખવો

ઉદાહરણ:

" તારા હાથમાંથી કાચનો ગ્લાસ નીચે પડી ગયો અને તૂટી ગયો. તારે શું કરવું જોઈએ?"

સાચો જવાબ: "હું મમ્મી–પપ્પાને સાચું કહીશ અને તેને સાફ કરવા મદદ કરીશ."

શીખ: ભૂલ સ્વીકારવી અને જવાબદારી લેવી એ પણ પ્રામાણિકતા છે.

## ૬. મિત્ર સાથે ન્યાય કરવો

ઉદાહરણ :

"તારા બે મિત્રો વચ્ચે ઝગડો થાય છે અને તું જાણે છે કે એક મિત્ર ખોટું બોલી રહ્યો છે. તું શું કરીશ?"

સાચો જવાબ : "હું સાચી વાત કહીશ."

શીખ: ન્યાયપૂર્વક વર્તવું એ પ્રામાણિકતાનો ભાગ છે.

## ૭. ખોટું વચન ન આપવું

ઉદાહરણ:

"તે તારા મિત્રને કહ્યું કે તું તેની સાથે રમવા આવશે, પણ પછી તારું મન બદલાય ગયું. તું શું કરીશ?"

સાચો જવાબ: "હું મિત્રની માફી માંગીશ અને હવે પછી અગાઉથી વિચાર્યા પછી જ વચન આપવાનું નક્કી કરીશ"

શીખ: ખોટું વચન ન આપવું અને આપ્યું હોય તો તેને નિભાવવું.

આવાં ઉદાહરણો દ્વારા બાળકને રોજિંદા જીવનમાં પ્રામાણિક રહેવાનું મહત્વ શીખવાડી શકાય.

VASISHTHA GROUP OF SCHOOL

શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.
ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ
નર્સરી થી ધો. ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02621 255551/3 ✆ 91734 02809 / 91733 15555

વસિષ્ઠ જેનેસિસ સ્કૂલ, બાબેન.
ગુજરાતી માધ્યમ
ધો. ૧ થી ૧૨ સાયન્સ
☎ 02622 225542/43 ✆ 91576 44555
www.vasishthagensisschool.net

